# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18/04/2026** **Morning : 7.10 to 7.20**

**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

1. **શાંતિપૂર્ણ , મુક્ત અને પારદર્શક રીતે ચૂંટણી યોજવા માટે રાજ્યનું પોલીસ તંત્ર સજ્જ.**
2. **સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીન પ્રચાર માટે સીએમ આજે વાવ થરાદમાં તો આમ આદમી પાર્ટીના ઇસુદાન ગઢવીએ જામનગરમાં પ્રચાર કર્યો. કોંગ્રેસ દ્વારા ડોર ટુ ડોર ચૂંટણી પ્રચાર.**
3. **રાજ્યની તમામ અદાલતોમાં પહેલી ઑગસ્ટથી A-4 સાઈઝના પેપરનો ઉપયોગ ફરજિયાત.**
4. **અક્ષય તૃતિયાના દિવસે બાળ લગ્નને રોકવા માટે તંત્ર સતર્ક.**
5. **IPL ક્રિકેટમાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ગઇકાલે રમાયેલી મેચમાં ગુજરાત ટાઇટન્સે કોલકાતા નાઈટ રાઈડર્સને પાંચ વિકેટથી પરાજય આપ્યો.**

--------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# ELECTION SECURITY

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ મુક્ત, ન્યાયી અને શાંતિપૂર્ણ રીતે યોજાય તે માટે રાજ્ય પોલીસ દ્વારા સઘન વ્યવસ્થા કરાઇ છે.. રાજ્ય પોલીસ વડાએ રાજ્યના તમામ જીલ્લાઓના પોલીસ વડા સાથે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી સલામતીની વ્યવસ્થાની સમીક્ષા કરી હતી. તેમજ તમામ જીલ્લાના પોલીસ વડાઓને માર્ગદર્શન આપ્યું હતું..મતદાન ના દિવસે અને મતગણતરી ના દિવસે પૂરતી સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.. અન્ય રાજ્યો સાથે જોડાયેલા જિલ્લાઓમાં આતરાજ્ય ચેક પોસ્ટ પર ચેકીંગ કરવામાં આવી રહ્યુ હોવાનું રાજ્ય પોલીસ વડા ડોક્ટર કે એલ એન રાવે કહ્યું હતું.

**(BYTE- DR. K. L. N. RAO, DGP)**

# GIR SOMNATH ELECTION ARRENGMENTS

સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થાય તેમજ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે ગીર સોમનાથ જિલ્લા વહીવટી તંત્ર પૂર્ણ રીતે સજ્જ છે.

ચૂંટણીલક્ષી તૈયારીઓની વિગતો આપતા કલેક્ટર એન.વી.ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, જિલ્લામાં કુલ **1010** મતદાન મથકો છે. જે પૈકી બિનહરીફ થયેલી પાંચ સીટો બાદ કરતા સમગ્ર જિલ્લામાં કુલ **1005** મતદાન મથકો પર તા.**26** એપ્રિલના રોજ મતદાન કરવામાં આવશે.

**(BYTE: GIR SOMNATH DISTRICT COLLECTOR SHRI N.V. UPADHYAY)**

# PROPAGANDA

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે તમામ પક્ષો એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. આજે વાવ થરાદ અને બનાસકાંઠામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ વિવિધ તાલુકાઓનો પ્રવાસ કરશે અને લોક સંપર્ક કરી જન સભાને સંબોધશે.

શ્રી પટેલ સૌ પ્રથમ વાવ-થરાદના ઢીમા ખાતે શ્રી ધરણિધર ભગવાનના દર્શન કરશે. ત્યારબાદ, પટેલ સમાજવાડી ખાતે 'વિકાસ સંકલ્પ સભા' ને સંબોધશે. તેઓ થરાદ ખાતે મિલ્ક કુલિંગ સેન્ટરના ઓપન ગ્રાઉન્ડમાં 'મહિલા સંમેલનને સંબોધશે ત્યારબાદ સેન્ટરના મીટિંગ હોલમાં સહકારી ક્ષેત્રના આગેવાનો સાથે મહત્વપૂર્ણ બેઠક યોજશે.

બપોર મુખ્યમંત્રી ડીસા તાલુકાના કંસારી ખાતે સોમનાથ અમરનાથ ફેક્ટરીની સામે બીજી 'વિકાસ સંકલ્પ સભા' યોજાશે ત્યાર બાદ વરિષ્ઠ આગેવાનો સાથે બેઠક કરશે.

પોરબંદરમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો પ્રચાર તેજ બન્યો છે જેમાં શહેરમાં ભાજપ,કૉંગ્રેસ અને આપે ડોર ટુ ડોર પ્રચાર શરૂ કરવામાં આવ્યો છે તો ગ્રામ્ય પંથકમાં આપે – **AAP** સાયકલ યાત્રા કરી પ્રચાર શરૂ કરવામાં આવ્યો છે. તો કેબિનેટ મંત્રી અર્જુન મોઢવાડિયા એ ભાજપનો ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો હતો.

આમ આદમી પાર્ટી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં પૂરો દમ લગાવીને આગળ વધી રહી છે અને સમગ્ર ગુજરાતમાં ઠેર ઠેર જનસભાઓ, મહોલ્લા સભાઓ, ખાટલા બેઠકો, ડોર ટુ ડોર અભિયાન જેવા કાર્યક્રમો કરી રહી છે.

હાલ સ્થાનિક સ્વરાજની ચૂંટણીને ધ્યાનમાં રાખીને આમ આદમી પાર્ટી દ્વારા અનેક વિજય વિશ્વાસ સભાનું આયોજન કરવામાં આવ્યું છે. આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઇસુદાન ગઢવીની ઉપસ્થિતિમાં જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના મોટા કાલાવડ ખાતે ખાટલા બેઠક યોજાઈ હતી

કોંગ્રેસ સ્થાનિક સ્વરાજની આ ચુંટણીમાં પૂર જોશમાં પ્રચાર કરી રહી છે. લોક સંપર્ક માટે અને સોશિયલ મીડિયાના માધ્યમે ચુંટણીમાં ગરમાવો આવી રહ્યો છે

# ELECTION AWARENESS CAMPAIGN

પંચમહાલ જિલ્લામાં ચૂંટણી તંત્ર તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી દ્વારા મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત જિલ્લાના વિવિધ તાલુકાઓની પ્રાથમિક શાળાઓમાં સર્જનાત્મક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આ અભિયાનના ભાગરૂપે શાળાઓમાં રંગોળી સ્પર્ધા, ઇનોવેટિવ આર્ટ, સિંગનેચર કેમ્પેઇન તથા અન્ય પ્રવૃત્તિઓના આયોજન થકી વિદ્યાર્થીઓ પોતાના સર્જનાત્મક પ્રદર્શન દ્વારા મતદાનનું મહત્વ સમજાવી રહ્યા છે તેમજ પરિવારજનો અને સમાજને અચૂક મતદાન કરવા પ્રેરિત કરી રહ્યા છે.

પાટણ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર તુષાર ભટ્ટના માર્ગદર્શન હેઠળ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી મતદાર જાગૃતિ અભિયાન માં કચેરીને ખાતે મતદાન જાગૃતિ માટે રંગોળી કરવામાં આવી હતી હાથ ધરવામાં આવ્યું છે.કચેરીની મુલાકાતે આવતા નાગરિકોમાં આ રંગોળીએ વિશેષ આકર્ષણ ઉભું કર્યું હતું તેમજ મતાધિકાર પ્રત્યે જાગૃતિ અને પ્રેરણા ફેલાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

રાજકોટ જિલ્લા વહીવટી તંત્રની સાથે સ્વરાજ્ય ચૂંટણી અંગે મતદાનની માહિતી આપવા માટે એક મેડિકલ સ્ટોરના માલિકે 'મારો મત મારો અધિકાર– મતદાન અચૂક કરીએ' નો સંદેશ પણ દર્દીના પરિવાજનોને આપવામાં આવી રહ્યો છે. મતદાન ની તારીખ સાથે મતદાન જાગૃતિનો સ્ટેમ્પ દરેક બિલ પર લગાવવા આવે છે જેથી દરેક લોકો મતદાન કરે.

મતદાન જાગૃતિ અર્થે અનેક સંસ્થાઓ હાલ સહયોગ આપી રહી છે. શહેર તેમજ જિલ્લા કક્ષાએ મતદાન જાગૃતિના વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યા છે. જે પૈકી આરોગ્ય વિભાગના સહયોગથી ખાનગી મેડિકલ સ્ટોર ઉપરાંત મહાનગરપાલિકના જન સેવા કેન્દ્ર તેમજ ટેક્સ બ્રાન્ચમાં પણ બિલ સાથે આ સ્ટેમ્પ દ્વારા મતદાન તારીખ અને મતદાન માટે સહયોગ આપવા અપીલ કરવામાં આવી રહી છે.

દવા ખરીદતા કે કોર્પોરેશનમાં ટેક્સ માટે આવતા ગ્રાહકો કે જેઓ મતદાન કરી શકે છે તેઓ બિલ પરના આ સ્ટેમ્પ જોઈ હકારાત્મક પ્રતિભાવ સાથે લોકશાહીના પર્વમાં સહભાગી બનવા પ્રતિબદ્ધતા દર્શાવી રહ્યા છે.

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

ગોન્ગ મ્યુઝિક

.....................................

ડેસ્ક

# GUJ HC DECISION

રાજ્યની તમામ અદાલતમાં આગામી પહેલી ઑગસ્ટથી A-4 સાઈઝના પેપરનો ઉપયોગ ફરજિયાત રહેશે અને આ અમલીકરણ માટે વધુ કોઈ સમય નહીં અપાય. ગુજરાત વડી અદાલત દ્વારા કરાયેલા આ નિર્ણય અંગે રજિસ્ટ્રાર જનરલ સંજય સુથારે પરિપત્ર જાહેર કરી માહિતી આપી. પરિપત્રમાં જણાવાયું છે કે, હવે તમામ અરજીઓ, સોગંદનામા અને અપીલો માટે ઉચ્ચ ગુણવત્તાવાળા A-4 સાઈઝના કાગળનો ઉપયોગ કરવાનો રહેશે, જેમાં બંને બાજુ પ્રિન્ટિંગ કરી શકાશે.

દસ્તાવેજોના ફોર્મેટિંગ એટલે કે દેખાવ બાબતે પણ વડી અદાલતે કડક સૂચનાઓ આપી છે. આ નિર્ણયથી સમગ્ર રાજ્યની અદાલતોમાં દસ્તાવેજોનું સ્વરૂપ એકસમાન જળવાઈ રહેશે અને ન્યાયિક વહીવટમાં વધુ પારદર્શકતા આવશે.

# CHILD MARRIAGE

અક્ષય તૃતીયાના પવિત્ર દિવસે મોટા પાયે લગ્નોનું આયોજન થવાની સંભાવના છે. આ તકનો લાભ લઈને ક્યાંય પણ કુરિવાજ રૂપી બાળ લગ્નો ન થાય તે માટે રાજ્યનું વહીવટી તંત્ર અને જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી દ્વારા અત્યંત કડક વલણ અપનાવવામાં આવ્યું છે.

વહીવટી તંત્ર દ્વારા સ્પષ્ટ સૂચના અપાઈ છે કે કાયદાનું ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિને છોડવામાં આવશે નહીં. આ બાબતે જિલ્લામાં સતત મોનિટરિંગ માટે ખાસ ટીમોની રચના કરાઈ છે, જે શંકાસ્પદ પ્રસંગો પર ત્વરિત કાર્યવાહી કરશે. આ માટે રાજકોટ , ગાંધીનગર સહિતના જીલ્લાઓમાં તંત્ર સતર્ક બન્યું છે.. તેમજ આવા કોઇ લગ્ન અંગની માહિતી મળતા જ કાર્યવાહી કરવા તૈયાર છે.

# IRCTC

ઉનાળાની રજાઓ માટે, આઈઆરસીટીસી એ ભારત ગૌરવ ટ્રેન દ્વારા દક્ષિણ દર્શન યાત્રા સાથે મલ્લિકાર્જુન જ્યોતિર્લિંગ પ્રવાસ નું આયોજન કરી રહ્યું છે. આ યાત્રા ભારત ગૌરવ ટ્રેન હેઠળ **12**મી મે થી **22**મી મે દરમિયાન યોજાશે. **10** રાત્રી અને **11** દિવસનો આ પ્રવાસ રાજકોટથી શરૂ કરાશે. તેમ આઇ આર સીટીસીના પ્રવક્તા જીતેન્દ્ર કુમાર જૈને કહ્યું હતું.

**(BYTE- JITENDRA KUMAR JAYANT SPOKESPERSON, IRCTC)**

# CRICKET – IPL

**IPL ક્રિકેટમાં ગુજરાત ટાઇટન્સે કોલકાતા નાઈટ રાઈડર્સને પાંચ વિકેટથી પરાજય આપ્યો. ગઈકાલે રાત્રે અમદાવાદમાં રમાયેલી મેચમાં ગુજરાત ટાઇટન્સે 19 ઓવર અને 4 બોલમાં 181 રનનો લક્ષ્યાંક હાંસલ કર્યો. શુભમન ગિલને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.**

**આજે દિલ્હી કેપિટલ્સ બેંગ્લોરમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે ટકરાશે. આ મેચ બપોરે સાડા ત્રણ વાગ્યે રમાશે. બીજી મેચમાં ચેન્નાઈ સુપર કિંગ્સ અને સનરાઇઝર્સ હૈદરાબાદ હૈદરાબાદમાં ટકરાશે. આ મેચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે.**